


૭૮૬



વજીર અલાવદીનભાઈ બિરજી.

તથા

જન્મચરિત્ર.

મુસાવરે. મુહમ્મદખાન, આલીશાન, હીરામદ,
હૈદર ખાન. ખેરાદ: મુબારક મેં મહારૂખ
મહમ મ ઈબ્રાહીમ, શેખ મહમદ
અલાવદીનભાઈ હાસીમભાઈ
સી. આઈ. ઈ. સાહેબ.

જેણે પ્રસિદ્ધ કરનાર.

કવિ ગિરધરલાલ ખુશાલભાઈ અલાઉદ્દ મામદીપુર
અમદાવાદ.

અમદાવાદ, ઈમામબાનો મ. ના "નવજીવન" પ્રિન્ટીંગ
પ્રેસમાં મગનલાલ નારણદાસ પ્રિન્ટરે છાપી.

સંવત ૧૯૫૭ અમૂલ્ય સને ૧૯૦૧

[illegible]

તથા

જીવન ચરિત્ર.

દુહો.

બિસારે બિસરે નહી, બહાવદીન વઝીર;
ઉડતાયો હિરો હિંદનો, જીસે દીલ દીલગીર. ૧

"હાય કેમ આ સહેશે, ઉજેણી રંડાપો"—એ રાહ.

શેખ બહાવદીન હુવે હાય જીનત ખાસી, (૨)
સોરઠ વગેરેમાં હવી ઉદાસીરે. શેખ૦—ટેક૦
જીસે દીલગીર રાજાઓ નવાબ, હિંદુ ઈસલામ પારસી જનાબ;
દીવાન દરબારી ગૃહસ્થો ગુલાબરે, શેખ૦—૧
મઝહુર મદારૂલ મહામે, સ્વામી કામો કીયે ઠામોઠામે;
માન દીયા હિંદુ ઇસ્લામેરે, શેખ૦—૨
બહોત મુદ્દત કીતી વઝીરી, દેખલાઈ દુનિયાંમે અમીરી;
સુધાર્યો ગઢ જુનો ગીરીરે, શેખ૦—૩
જમિયલ શાહકી જગો સુધારી, મનત બડી કીતી મન ધારી;
ડેહેરી હમામ સાથે સમારી રે. શેખ૦—૪
રૂપારેલ કીયે બારી બારો, ચંદની ચંદરવા જરી ચાદરો;
હોય ઘણા ફકીરનો ગુજારોરે, શેખ૦—૫
સબ તરેહકા બંદોબસ્ત કીયા, જીનકે ખર્ચમેં પેસા દીયા;
સુરલ કીયા જનાબે જગ જીયારે, શેખ૦—૬
સિવાય કામો કીયે બડે સ્વામી; ઇનાયત હુઇ મોટી ઈલ્કાબી.
ખુશ હુવે બાહોશ બાબીરે, શેખ૦—૭

કીયા દીલાવરી બહાદુરી, માન મર્તબા પાયે હજુરી;
પ્રસંશા હુઇ જગમે પુરીરે, શેખ૦—૯
હજુર ગયે બડે અસરારી, રાજ કાજ કીયે બડે કારી;
અડચણો હરેક બડી કાપી રે, શેખ૦—૧૦
હુવે પ્રજા સુખકે હુલ્લાસી. અચ્છી વરી હરેકમે શાબાસી;
અફસોસ પુરજનો પ્રબાસીરે, શેખ૦—૧૧
મેલવી મોટી મુબારકબાદી, જોડી જીનકી મીલે ન એકાદી,
ગયે મર્તબાદાર મરજાદીરે, શેખ૦—૧૨
બ્રિટીશ સરકારે સુમાન કીયા, સી. આઈ. ઈ. ઇલ્કાબ દીયા;
સુફળ કીયા જનામે જગ જીયારે, શેખ૦—૧૩
સારે માન પાયે સરકારી, ધવલ પદવી ધીમંત ધારી;
બિમલ કીર્તિ બિશ્વમે બિસ્તારી, શેખ૦—૧૪
જહાં બિચ્ચે ઝલકતા સેતારા, બડા પરોપકાર કરનારા;
ગયે ગુનીસુ ગુલેહઝારારે, શેખ૦—૧૫
મશહુર હુવે જો મેહની માંહે, બાહોશ બડે હુવે શાને;
મિલા પ્રતાપી રાજકે પરવાનેરે, શેખ૦—૧૬
પેમાલ કીયે તમામ તોફાની, જો કરતેથે હરેકકી હાની;
જીનકી જહાંમે ન રખી નીશાનીરે, શેખ૦—૧૭
નામદાર ગયે સુ તુરાની, રસમ જાન નહાર પુરાની;
ગૃહસ્થ હુવે નહી જો ગુમાનીરે, શેખ૦—૧૮
મશહુર મહોબતખાનજી જનાબે, બડા માન દીયાથા નવાબે;
જીસે બઢે આબરૂ ઇલ્કાબેરે, શેખ૦—૧૯
ફીર હુવે બહાદુરખાન બાણી, કામ કીયે જીનુને અજાયબી;

ગયે ખુબીદાર અશચાબીરે, શેખ૦—
જીનકુ શીખાઈ રૂડી રાજ નીતી, માસુઓ ધરી મન પ્રીતી;
કોઈ બાતકી રહી ન બીતીરે, શેખ૦—૨૧
બહાદુર બાબી બહાદુરખાન કહાએ, શોક જનક શાહ શમાએ;
જીસે વજીર બડા દુઃખ પાયેરે, શેખ૦—૨૨
ભોગવી નહી ભૂપે ભર જવાની, અધિક હતી સોરઠકુ હાની;
ગયે છોડકે દુનીયા ફાનીરે, શેખ૦—૨૩
જીસે ગમ્જ્ખ ગમી દીલ છાઈ, સમય સેખે જોઇ દુઃખદાઈ;
જીસ પીછે શાન્તી ન સુહાઈરે, શેખ૦—૨૪
પીછે ગર્મામેં જીંદગી ગુજારી, ખુબીદારકી હોનેસે ખ્વારી;
દુરકીયે કામો દરબારીરે, શેખ૦—૨૫
બડે કાબેલ વજીર રાજ કાજે, દીયા માન સરકારી સમાજે;
કામો કોટી કીયે દેશ દાજેરે, શેખ૦—૨૬
મશહુર કીતી મુલ્કોમે મર્દાની, જીગર રેમ જનામે સુજાની;
શુભ હુંવ ગૃહસ્થ શુન ખાનીરે, શેખ૦—૨૭
જડે નહી જગતી બિચ્ચે જોડી, ગયે યશકી ચાદર હોડી;
સુત સગાંકી પ્રીત સુતોડીરે, શેખ૦—૨૮
તારીફદાર કીયે સબ કામો, બખાને હિંદુ ઇસ્લામો;
રચીયાં ધરમાદા જીનુને ધામોરે, શેખ૦—૨૯
શોક જનક શીવલાલ દીલે ભારી, ઓછે હોસે એસે અધિકારી
જીસે અધિચ્છ બીના ઉચ્ચારીરે, શેખ૦—૩૦
નવારીખે ટાંકવા જેવાં, કામો કીધાં બહુ એવાં;
ઘટે માન ઘણેરાં દેવાંરે, શેખ૦—૩૧
પિતા રામસિંહરાવનો કહે છે, અમતીપુર ગામમેં રહે છે;
કુલ સમાજ સબકું કહેરે, શેખ૦—૩૨

મુબારક રહો ઉસમાનખાંઈકી ગાદી, મેળવો મોટી મુબારકબાદી;
વજીર જેસે હો કુમાર કર્મબાદીરે, શેખ૦—૩૩
અંઝા વજીરકા વખા ચલાયા, માન મર્તબા મોટા પાયા;
કવી શીવલાલે ગુન ગાયારે, શેખ૦—૩૪
અછા કીઆ ચાલાખે ચાલીસા, યશ પાયે બડા દશો દીશા;
ખુશ રહો ખલકમે અદર નીશારે, શેખ૦—૩૫

વિરહ સંતાપ.

"શેઠ શગાળશાહ સાધુને સેવે"—એ રાગ.

આશી મુદત જુના ગઢની, વડી કીધી વજીરાત;
મહારૂલ મહામ મેદનીમાંહે, પ્રતાપી હવા પ્રખ્યાત;
વજીર બહાવદીનભાઈ જેવારે, ઓઝા હશે અનુભવી એવા.
ટેક૦ ઝર્ઝો૦ —૧

જેથી કરીને જવાબ કેરા, સર્વે કરે સંતાપ;
સોરઠવાસી સિવાય સર્વે, અફસોસી કરે અળાપ;
વજીર બહાવદીન ભાઇ જે વારે, ઓઝા હશે અનુભવી એવા —૨
સંતાપ કરનાર સહ ગૃહસ્થોનાં, અમર નામ અપાય;
રાજા નવાબો દીવાન કેરાં, લાયક જાણી લખાય. વજીર૦ ૩
નામદાર નવાબ મહોબતખાનજીનાં, બડાં બીબી જે કહેવાય;
લાયક મોટાં લાડલી બીબી, ઉદાર અફસોસ થાય. વજીર૦ ૪
સોરઠ સુબા રસુલખાનજીના, અફસોસ હોય યુવરાજ,
બહાદુરખાંબીશ્રી મહોબતખાનજી, બાહોશ અફસોસ આજ. વજીર૦ ૫
મુબારક રહો મેદનીમાંહે, શાહજાદા વડા સુજાન;
કેળવાએલા કેળવણી પામે, બડા બહાદુર બુદ્ધિ નીધાન વજીર૦ ૬
શેરખાન મહારૂલ મહામ કેરા, કાબીલદાર કુમાર,
ઉસમાનખાનજી હોંશિયાર મોટા, માનકારી મર્તબાદાર. વજીર૦ ૭

* નેકનામ દોલા મુલતાન્જુલ મુલ્ક, શ્રી જાફરઅલી ખાનજી જનાબ;
ખેદજનક હવા ખંભાત કેરા, યશ કીરતી જેમની અજાબ વજ્ર૦ ૮
નામદાર નવાબ રાધનપુરના, શ્રીમંદ મહમદજલાલુદીન;
બાહોશ બાબી બિસ્મિલ્લાખાનજીકે, શાહ હવા ગમગીન. વજ્ર૦ ૯
દીવાન પદે દાના જે કહાવે, દોક્ટ મંછારામ ભાઈ;
રાજકાજની કુશળતાથી, છટાદાર કીરતિ છાઈ. વજ્ર૦ ૧૦
પ્રસિદ્ધ મોટા પાલનપુરના, શેરમહંમદખાનજી નવાબ;
અફસોસ હવા અધિપતી મોટા, જાણુરમાન જવાબ. વજ્ર ૧૧
તારીફ લાયક તાલેમહંમદખાન, હોંશીયાર મોટા યુવરાજ
અલબેલા ચાવરહુશેનખાનજી, નૂરદાર હવા નારાજ. વજ્ર૦ ૧૨
વડા પ્રસિદ્ધ વાડાસીનોરના, યુવરાજ મોટા હોંશિયાર;
શ્રીજમીયતખાનજી જનાબ જરૂર, અફસોસ દીલ ઉદાર વજ્ર૦ ૧૩
માન્યકારી માંગરોળ મહિપતી, અફસોસ હવા અપાર;
બાબીસ નવાબ બાંટવા કેરા, દલગીર હવા ઉદાર. વજ્ર૦ ૧૪
મિરજાહાં મહારાઓ ખેંગારજી, ભૂપતી ભડ વીર;
નારાજ હવા નામદાર કેરા, વડેરા ચુનીલાલ વજીર. વજ્ર૦ ૧૫
રાયાસતો પ્રસિદ્ધ રાજકોટ કેરા, લાયક લાખાજી રાજ;
મર્તબાદાર મહિપતિ મોટા, નામદાર હવા નારાજ. વજ્ર૦ ૧૬
દાના દરબાર દોલતસિંહજી, અલબેલા યુવરાજ;
દીવાન ઝવેરભાઈ અમીન અનુભવી, બહાદુર અક્કલબાજ વજ્ર૦ ૧૭
જુનાગઢમાં જસ્વી જાતાં, પ્રીદજ પડ્યો પોકાર;
સોકનો સિંધુ રેલ્યો સોરઠમાં, હાટે પડી હડતાલ. વજ્ર૦ ૧૮
કચેરીઓ કામદારો કેરી, બહુધા હવી સૌ બંધ;
ઇસ્લામી મદરેસાને સ્કુલો, જાણી નિકટ સંબંધ. વજ્ર૦ ૧૯
* એડમિનીસ્ટ્રેટ અનુભવી મોટા, ગૃહસ્થ હવા ગમગીન;

ન્યકારી ...ર રાજનો, પ્રતાપી મોટા પ્રવીન. વજ્રર૦ ૨૦
રેવન્યુ કમિશ્નર રાજ કેરા, રાવ બહાદુર કેશવલાલ;
મુબારકબાદી મેળવી જેમણે, વડા રાજ્યો વિષે વિશાળ. વજ્રર૦ ૨૧
માન મુબારકબાદી આપવા, મળ્યો હતો ઉદિચ્ય સમાજ
રાવબહાદુરના ખીલાબ કેરો, દીલમાં આણીશું દાજ. વજ્રર૦ ૨૨
વડા ડાક્ટર વજ્રર કેરા, સુરૈયા સાહેબ સુજાન;
અફસોસ અમદાવાદ હોસ્પીટલના, બાહોશ બુદ્ધિ નીધાન વજ્રર૦ ૨૩
નાયબ દીવાન દરબારીઓ સૌ, દીસે શોકાતુર;
કામદારો સહુ કચેરીઓ કેરા, ખીલામી મોટા હજુર વજ્રર૦ ૨૪
મુલાકાર શેખ મહમદ બહાવદ્દીન, હીરો હોવાથી અસ્ત;
નાગર મંડળ નગ્રજ કેર, સોક જનક હતું સમસ્ત. વજ્રર૦ ૨૫
નામદાર દેશાઈ નડીયાદ કેરી, ઘા સાહેબ હતા દીલગીર.
હરિદાસજીના આત્મજ અફસોસ, બહાદુર બન્નો વીર. વજ્રર૦ ૨૬
તન સુખરામભાઈ મનસુખરામના, અધિક હતા ઉદાસ;
નાના સાહેબ વિહારીદાસના, ખેદ જનક હવા ખાસ. વજ્રર૦ ૨૭
વિગેરે દેશ વિદેશ કેરા, રાજા નવાબો વજ્રર.
કચ્છ કાઠીયાવાડ સોરઠના, દરબારી હવા દલગીર. વજ્રર૦ ૨૮
રસુલખાનને જુમાખાનનો. વિસર્યો નથી વિયોગ,
બહાદુરખાનજીના બાહુ કરીને, તેમાં બુરો બન્યો સંજોગ. વજ્રર૦ ૨૯
સોક જનક હવી સૃષ્ટિમાં, તારીખ ઓગણીશમી શાબાન;
તેરસે બત્રીસમાં તન તાગ્યું, ગયા મર્તબાદાર મહાન. વજ્રર૦ ૩૦
સ્વાથી કામો કરી સેખજી સાહેબ. આવ્યા જીનત મોઝાર;
અક્ષય સુખ આપો અલ્લા રસુલ, પાક પરવર દીગાર. વજ્રર૦ ૩૧
જોડી મળે નહિ જગતમાં જેમની, કહે કવી શીવલાલ,
માન મુબારકબાદી મેલવી, ગયે બહાદીન બુદ્ધિ વિસાલ. વજ્રર૦ ૩૨

ગુણ કથન (મનહરછંદ)

શેખ મહમદરૂલ મહામ, ધવલ રચી સુધામ;
વજીરે લીધો વિરામ, જસ કીર્તિ જારીરે.
વડી કીધા વજીરાત, પુરણ હતા પ્રખ્યાત;
સોરઠકી શેખજીએ, ઇજત વધારીહે.—
મહંમદબહાવદીન, પ્રતાપી બડે પ્રવીન;
સખાવતો સારી કરી, વિપતિ વિદારીહે.
કહે કવી શિવરાજ, કીયે અચ્છે રાજ કાજ;
બાહોશ અફજલખાજ, સુગંધ વિસ્તારીહે. ૧

જીવન ચરિત્ર

ગઝલ-રેખતાના.

"નિગે તલવાર કારીરે,"—એ રાહ.

મંત્રી પ્રધાનો મન ભાવે, વજીર બહાવદીન કેહેનાવે; ટેક.
કાબીલ રાજ કાજમે પુરા, ગયે શેખજી બડા સૂરા;
કીયે કામો બડે કારી, અસીલખાન અસરારી. મંત્રી૦ ૧
સોભાવી સોરઠી ગાદી, પ્રધાન હુવે ન પ્રમાદી;
સલાહ સબ પુછને આવે, રાજા કારભારી જો કહાવે. મંત્રી૦ ૨
હુવે પ્રજા સુખકે હુલ્લાસી, પરીમલ ખુશબો પ્રકાશી;
અચ્છી ઇસ્લામકી મદરેસા, ખરચે ખ્યારસે પેસા. મંત્રી૦ ૩
ગયે ગુની ગુનકી ખાની, બસુધા જૈસી જુબાની;
મિલાયા માન મુબારકબાદી, શાહાકી રશમ સબે સાદી. મંત્રી૦ ૪
હજુર મે જીનકા હાજો, કીયે કૃપાળુ શુભ કાજો;
શિવરાજ સોક જનક ભારી, પ્રભા વિસરેનાં બિસારી. મંત્રી૦ ૫
અચલ રહો ઉસમાનખાન પ્યારા, વજીર સાહેબકા દુલારા;
બરો બાવા જેસી બહાદુરી, મોટાં માન પાઓ હજુરી. મંત્રી૦ ૬

સવૈયા એકત્રીસા.

આ કવિતા તમામ રાગો, રાગણી, લાવણી વીગેરેમાં ગવાય છે.

-વર્ણન ઝુ મતા ભક્ત હરીના, જુનાગઢના રૈયાશીગ-એરાગ

શેખ બહાવદીન પ્રધાન પદે રહી. પરીમલ ખુશબો પ્રકાશી;
સોરઠ વિગેરે સૃષ્ટિ માંહે, વળી વજીરે શાહાબાશી. શેખ૦—ટેક૦
મશહુર મહોબતખાન વખતથી, રાજકાજ કરવા લાગ્યા;
તમામ તોફાની લુંટારાઓ, ભય પામી સર્વે ભાગ્યા. શેખ૦ ૨
બેશક બહાદુર બહાવદીનભાઇએ, ખરી દર્શાવી આપ ખુદી;
કાયમ રહો કારભારી દીવાનો, જનાબ કેકી વાત જુદી. શેખ૦ ૩
કુશળતા મેળવી રાજકાજમાં, શોભાવી સોરઠની ગાદી:
સરકારને વળી સર્વે રાજમાં, મેળવી મુબારકબાદી. શેખ૦ ૪
ઉદયભાગી ઉપજ્યા મોટા, મશહુર ગણાયા માનકારી:
સલાહ લેવા સર્વે આવે, દાના અમીરો દરબારી. શેખ૦ ૫
સદાચરણી સાત્વકી સારા, નુરદાર બડે નુરાની;
સ્વામી કામો કર્યાં સર્વથા, ઉદારતા ઉરે આની. શેખ૦ ૬
પરોપકારી કામો કીધાં, હોસ્પીટલ મદરેસા બંધાવી;
મુબારક નામ રહ્યું મેદની, દાનાઇ બહુ વિધ દર્શાવી. શેખ૦ ૭
સહેદાર શુભ પ્રભા પ્રકાશી, સહુંકાઇ સારી કીધી-
સી. આઇ. ઇ. ની સરકારે, પ્રસિદ્ધ મોટી પદવી દીધી. શેખ૦ ૮
અનુભવી હીરો હડતાયો, ઘણે દરજ્જે ગુણકારી;
શેખ બહાવદીન હાસમભાઇએ, દુર્ઘટ કામો કર્યાં દરબારી. શેખ૦ ૯
પિતા સમસિંહરાવજ કેરા, શિવલાલ કહે શિરનામી;
બેશક બહાદુર બહાવદીનભાઇની, ખલક બિચેજ પડી ખામી. ૧૦
હોંશિયાર કુમાર ઉસમાનખાનજી, બહાદુર બહાવદીન જેવા થાજ્યો
મુબારક રહો મેદની માંહે, ઉજ્વળ યશો ગવાજ્યો. શેખ૦ ૧૧

સાખી.—મહોબત બહાદુર બહાવદીન, હરિદાસ હોંશિયાર;
સોરઠ દેશ શોભાવીને, ચાલ્યાં રત્નો ચાર. ૧૨

અર્પણ પત્ર.

[illegible], [illegible], [illegible], દેશભક્ત,
દેશનું ભાન, નામદાર ખાનબહાદુર ઉમરાવ
[illegible] [illegible] સાહેબ.

અનુષ્ટુપ છંદ.

[illegible] [illegible], [illegible] [illegible],
[illegible] [illegible], [illegible] [illegible].
[illegible] [illegible] [illegible], [illegible] [illegible]:
[illegible] [illegible]. [illegible] [illegible]
[illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible]:
[illegible] [illegible] [illegible], [illegible] [illegible].

જાહેર ખબર.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપર [illegible] [illegible] ([illegible] [illegible]) [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ([illegible] ઉપર [illegible] [illegible]) [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપર [illegible] [illegible] [illegible].

શેઠ મેહેર [illegible] [illegible],

ઠે૦ [illegible] [illegible] [illegible] પાસે,

[illegible] નં. [illegible]—અમદાવાદ.